પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

happy holi

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૭ | ૧૮ માર્ચ, ૨૦૨૨, શુક્રવાર; ફાગણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦




હોલીકા દહન - પાટનગરના પાદરે પાલજ ખાતે પરંપરાગત હોલીકાદહનના કાર્યક્રમમાં હજ્જારો ભાવિકો ઉમટ્યા હતા... ભારતીય સંસ્કૃતિમાં અસત્ય ઉપર સત્યનો વિજય અને અનિષ્ઠ ઉપર સંનિષ્ઠનો વિજય પ્રસ્થાપિત કરતી પરંપરા એટલે હોળી.... ગામેગામ અને શહેરે-શહેર પ્રગટાવાતી હોળીની સાથે પાટનગરના પાલજની હોળી સમગ્ર વિસ્તારમાં શ્રદ્ધાનું કેન્દ્ર બની છે... આસપાસના વિસ્તારોમાંથી હજ્જારો ભાવિકો હોલીકાદહનના દર્શને આવે છે અને અંગાર પરથી ચાલવાની પરંપરા પણ હજુ યથાવત છે...

**ગાંધીનગર સમાચાર**

**અંક બંધ**

ધૂળેટીના પર્વ નિમિત્તે તા.૧૮/૩/૨૦૨૨ને શુક્રવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૧૯/૩/૨૦૨૨ને શનિવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી છે.

- વ્યવસ્થાપક

# વિશ્વમાં કોરોનાના કેસ વધતાં સરકાર સતર્ક

## દેશમાં ૧૨-૧૪ વર્ષના બાળકોને કોરોના વેક્સિન આપવાનું શરૂ : કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ઉચ્ચ કક્ષાની બેઠક કરી, જરૂર પડે અને ક્યાંય કેસમાં વધારો થાય તો સઘન તપાસના પણ આદેશ આપ્યા

નવી દિલ્હી, તા.૧૭

૧૬ માર્ચથી ગુજરાત સહિત દેશભરમાં ૧૨-૧૪ વર્ષના બાળકોન રસી આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે કે જેથી બાળકોને કોરોના સામે સુરક્ષા કવચ મળી રહે. કોરોનાની ત્રીજી લહેર જે ગતિએ આવી તે જ ગતિએ ઠરી પણ ગઈ છે, પરંતુ હવે ચીન, હોંગકોંગ, સિંગાપોર, દક્ષિણ કોરિયા અને યુરોપના દેશોમાં વધતા કેસોએ ફરી એકવાર ચિંતા વધારી છે. દેશમાં ફરી કોરોના માથું ના ઉચકે તે માટે કેન્દ્ર સરકાર પણ સતર્ક બની ગઈ છે.

સૂત્રોએ જણાવ્યું છે કે, અન્ય દેશોમાં વધતા કેસોને ધ્યાનમાં લઈને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ હાય લેવલની બેઠક કરી છે, આ સાથે જરુર પડે અને ક્યાંય કેસમાં વધારો થાય તો સઘન તપાસના પણ આદેશ આપ્યા છે.

બુધવારે મંત્રી મનસુખ માંડવિયા દ્વારા બુધવારે મહત્વની બેઠક કરવામાં આવી હતી, જેમાં કોરોનાની સ્થિતિ ભારતમાં ચાલતા રસીકરણ અભિયાન અંગે ચર્ચા કરી હતી. આ સાથે ૨૭ માર્ચથી ઈન્ટરનેશનલ ફલાઈટને મંજૂરી આપવામાં આવી છે તે અંગે પણ મહત્વના મુદ્દાઓ ધ્યાને લેવા માટે જણાવ્યું છે. સૂત્રો જણાવે છે કે, આ અંગેના નિર્ણયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## આગામી સપ્તાહે બંગાળની ખાડીમાં અસની ચક્રવાતની ભારે શક્યતા

નવી દિલ્હી, તા.૧૭

આગામી અઠવાડિયે બંગાળની ખાડીમાં અસની ચક્રવાત આવી શકે છે. હવામાન વિભાગે કહ્યું છે કે, દક્ષિણ-પશ્ચિમ હિંદ મહાસાગરમાં નીચા દબાણનો વિસ્તાર આવતા સપ્તાહની શરૂઆતમાં તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં પરિણમી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આ ચક્રવાત બાદમાં બાંગ્લાદેશ અને તેની નજીકના ઉત્તર મ્યાનમાર તરફ આગળ વધશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વર્તમાન લો પ્રેશર એરિયા મંગળવારે રચાયો હતો અને તે શનિવાર સુધી પૂર્વ-ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ વધે તેવી શક્યતા છે. ત્યાર બાદ તે આંદામાન અને નિકોબાર ટાપુઓ તરફ આગળ વધશે.

## જાપાનના પ્રધાનમંત્રી બે દિવસીય ભારતના પ્રવાસે

નવી દિલ્હી, તા.૧૭

જાપાનના પ્રધાનમંત્રી ફુમિયો કિશિદા બે દિવસીય ભારતના પ્રવાસ પર આવશે. તેઓ ૧૯ અને ૨૦ માર્ચે દિલ્હીમાં હશે. અહીં તે ભારત-જાપાન સમિટમાં ભાગ લેશે. ભારતીય વિદેશ મંત્રાલયે આ જાણકારી આપી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યુ કે, ભારત-જાપાન શિખર સંમેલન ૧૯ માર્ચે થશે. પ્રધાનમંત્રી મોદીના નિમંત્રણ પર જાપાનના પીએમ ફુમિયો કિશિદા ૧૪માં ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલન માટે ૧૯-૨૦ માર્ચે નવી દિલ્હીની સત્તાવાર યાત્રા કરશે. આ બંને નેતાઓની પ્રથમ મુલાકાત હશે.

ભારત-જાપાન વચ્ચે વિશેષ વ્યૂહાત્મક, વૈશ્વિક ભાગીદારીના વર્તુળમાં બહુપરીમાણીય સહયોગ છે. શિખર સંમેલન વિવિધ ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા કરવા અને વૈશ્વિક મુદ્દા પર વિચારોનું આદાન-પ્રદાન કરવાનો અવસર પ્રદાન કરે છે.

# યુક્રેનના થિયેટર પર રશિયાની એરસ્ટ્રાઈક

## હજારથી વધુ દટાયા : રશિયાની સેનાએ મારિયુપોલ શહેર પાસે એક થિયેટર પર જ એરસ્ટ્રાઈક કરતા તેમાંના શરણાર્થીઓ ભોગ બન્યા



મારિયુપોલ, તા.૧૭

અમેરિકા અને યુરોપીય દેશોના તમામ આંતરરાષ્ટ્રીય દબાણ છતાં રશિયાના યુક્રેન પરના હુમલાઓ અટકવાનું નામ નથી લઈ રહ્યા. યુક્રેનનો આરોપ છે કે, રશિયાએ થિયેટરની અંદર શરણ લઈ રહેલા યુક્રેની નાગરિકો પર બોમ્બ વરસાવ્યા છે. રશિયાની આ એરસ્ટ્રાઈકમાં અનેક લોકો માર્યા ગયા છે અને અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. યુક્રેને કરેલા દાવા પ્રમાણે થિયેટરમાં ૧૦૦૦ લોકો હતા જેઓ એરસ્ટ્રાઈક બાદ કાટમાળમાં દટાયા છે.

યુક્રેનના અધિકારીઓએ જણાવ્યું કે, રશિયાની સેનાએ મારિયુપોલ શહેર પાસે એક થિયેટર પર અચાનક જ એરસ્ટ્રાઈક કરી હતી. યુદ્ધની સ્થિતિ વચ્ચે આ થિયેટરની અંદર સેંકડો યુક્રેની નાગરિકો શરણ લઈ રહ્યા હતા. યુક્રેનના કહેવા પ્રમાણે આ હુમલામાં કેટલા લોકોના મોત થયા અને કેટલા લોકોને ઈજા પહોંચી તે હજુ અસ્પષ્ટ છે પરંતુ આ હુમલામાં સેંકડો લોકો માર્યા ગયા હોવાની આશંકા છે.

ઉલ્લેખનીય છે કે, રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને ૨૧ દિવસ વીતી ગયા છે. આજે ગુરૂવારે બંને દેશ વચ્ચેના યુદ્ધનો ૨૨મો દિવસ છે. અનેક આકરાં પ્રતિબંધો છતાં રશિયા યુક્રેન પરના હુમલાઓ રોકવા માટે બિલકુલ તૈયાર નથી.

આ બધા વચ્ચે યુદ્ધનો આ મુદ્દો ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ઝ્રત્ન) સુધી પહોંચી ગયો છે અને તેણે બુધવારે રશિયાને યુક્રેનમાં તરત યુદ્ધ રોકવા આદેશ આપ્યો હતો. કોર્ટે રશિયાના સમર્થક દેશોને આ મુદ્દાથી અંતર જાળવવા માટે કહ્યું છે.

## લદાખ અને જમ્મુ-કાશ્મીર પાસે ભૂકંપનાં આંચકા

નવી દિલ્હી, તા.૧૭

બુધવારે સાંજે લદ્દાખ અને જમ્મુ કાશ્મીરમાં શ્રીનગર પાસે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લદ્દાખ ખાતે આશરે ૦૭:૦૫ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા જેની તીવ્રતા ૫.૨ જેટલી નોંધાઈ હતી. જ્યારે જમ્મુ કાશ્મીરમાં શ્રીનગરથી ૧૧૯ કિમી ઉત્તરમાં રાતે આશરે ૦૯:૪૦ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જોકે સદનસીબે હજુ સુધી નુકસાનને લગતી કોઈ વિગતો સામે નથી આવી.

જીએફઝેડજર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સના અહેવાલ પ્રમાણે ગુરૂવારે વહેલી સવારે દક્ષિણ ઈરાન નજીક ૬.૦ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિમીની (૬.૨૧ માઈલ) ઉંડાઈએ નોંધાયું હતું.

ઉત્તર જાપાનમાં ફુકુશિમાના કાંઠે બુધવાર સાંજે ૭.૩ તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો જેના પગલે સુનામીની ચેતવણી આપવામાં આવી હતી. જાપાનના હવામાન વિભાગની એજન્સીના જણાવ્યા મુજબ ભૂકંપનું કેન્દ્ર સમુદ્રથી ૬૦ કિમી નીચે હતું.

પાટનગરનું પોતાનું અખબાર

**ગાંધીનગર સમાચાર**

**આપની આસપાસના**

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

**અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો**

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# સેન્સેક્સમાં બીજા દિવસે ૧૦૦૦ પોઈન્ટથી વધુનો ઊછાળો આવ્યો

## શેરબજારની તેજીએ રોકાણકારોની હોળી રંગીન બનાવી : સકારાત્મક વૈશ્વિક સંકેતો વચ્ચે સપ્તાહના ચોથા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સમાં ૧૦૪૭, નિફ્ટીમાં ૩૧૧ પોઈન્ટનો ઊછાળો

મુંબઈ, તા.૧૭

શેરબજારમાં આવેલી તેજીએ રોકાણકારોની હોળીને વધુ રંગીન બનાવી દીધી હતી. બીએસઈ સેન્સેક્સ સતત બે દિવસથી ૧૦૦૦ પોઈન્ટની ઉપર બંધ થઈ રહ્યો છે. જેના કારણે આ બે દિવસમાં રોકાણકારોની સંપત્તિમાં ૯ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. ગુરુવારે સેન્સેક્સ ૧૦૪૭ પોઈન્ટના વધારા સાથે બંધ થયો હતો. સકારાત્મક વૈશ્વિક સંકેતો વચ્ચે સપ્તાહના ચોથા ટ્રેડિંગ દિવસે શેરબજારમાં હોળી જોવા મળી હતી. હોલિકા દહનના દિવસે બજારના બંને ઈન્ડેક્સ લીલા નિશાન પર ખૂલ્યા હતા અને દિવસભરના ઉછાળા સાથે ટ્રેડ કર્યા બાદ અંતે મજબૂત મોમેન્ટમ સાથે બંધ થયા હતા. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૧૦૪૭ પોઈન્ટ અથવા ૧.૮૪ ટકાના ઉછાળા સાથે ૫૭,૮૬૪ પર બંધ થયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૧૧ પોઈન્ટ અથવા ૧.૯૦ ટકાના ઉછાળા સાથે ૧૭,૨૮૭ પર બંધ થયો હતો.

બીએસઈ સેન્સેક્સ ૮૨૦ પોઈન્ટ અથવા ૧.૪૪ ટકા વધીને ૫૭,૬૩૬ પર ખુલ્યો હતો, જ્યારે એનએસઈ નિફ્ટી ૨૨૮ પોઈન્ટ અથવા ૧.૩૪ ટકાના ઉછાળા સાથે ૧૭૨૦૩ પર ખુલ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શેરબજારમાં સતત બે દિવસથી તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ બે દિવસથી ૧૦૦૦ પોઈન્ટથી વધુના ઉછાળો સાથે બંધ થઈ રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે બુધવારે સેન્સેક્સ ૧૦૩૯ પોઈન્ટ અથવા ૧.૮૬ ટકાના વધારા સાથે ૫૬,૮૧૭ના સ્તરે બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૩૧૨ પોઈન્ટ અથવા ૧.૮૭ ટકાના વધારા સાથે ૧૬,૯૭૫ પર બંધ થયો હતો.

**IELTS**

**નવી બેચ**
સાંજે : ૭ થી ૯
તારીખ : ૨૧/૩/૨૦૨૨

UNIQSYNERGY study abroad 6359597040

